| | | | |
|---|---|---|---|
| રજુ તારીખ : | ૨૦ | ૧૨ | ૨૦૧૪ |
| દાખલ તારીખ : | ૨૦ | ૧૨ | ૨૦૧૪ |
| ફેસલ તારીખ : | ૦૪ | ૦૯ | ૨૦૧૯ |
| અવધિ | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૮ | ૧૫ |

મે.વડોદરાના વર્કમેન કોમ્પનશેશન કમિશ્નરશ્રી કે.કે. ત્રિવેદી સાહેબ સમક્ષ

વ.કો. (ફેટલ ) નં. ૩૫ / ૨૦૧૪

આંક– ૧૬

અરજદાર : ૧. કલ્પનાબેન દિલીપભાઈ માળી
૨. સગીર લક્ષ્મીબેન દિલીપભાઈ
૩. સગીર અલ્પેશભાઈ દિલીપભાઈ
૪. સગીર કાજલબેન દિલીપભાઈ
૫. શાંતાબેન અંબાલા માળી
અરજદાર નં. ૨ થી ૪ ના કુદરતીવાલી તથા ઈષ્ટમાતા
કલ્પનાબેન દિલીપભાઈ માળી
તમામ રહેવાસી : માળી મહોલ્લો,
ચાર માતા મંદિર પાસે, મકરપુરા, વડોદરા

**વિરૂધ્ધ**

સામાવાળા : ૧. છોટાહાથી નં. જી.જે. ૧૬ ઝેડ ૦૬૦૮ના માલિક
હેંમતભાઈ યુનુસભાઈ બંગડીવાલા,
ઠે. જંગાર, તા. જી. ભરૂચ. જી. નર્મદા.
૨. છોટાહાથી નં. જી.જે. ૧૬ ઝેડ ૦૬૦૮ની વીમા કંપની
ટાટા એ.આઈ.જી. જનરલ ઈન્સ્યોરેન્સ કં.
ઠે. સાતમા માળે, લેન્ડમાર્ક બિલ્ડીંગ,
ચકલી સર્કલ પાસે, ગોત્રી રોડ, વડોદરા.

**–::પ્રિલીમીનરી ઈસ્યુ પરત્વે હુકમ ::–**

(૧) આ કામના અરદારની અરજીની ટુંકમાં હકીકત એ રીતની છે કે, અરજદાર નં. ૧ ના પતિ, અરજદાર નં. ૨ થી ૪ ના પિતા તથા અરજદાર નં. ૫ ના પુત્ર આ કામના સામાવાળાને ત્યાં ડ્રાઈવર તરીકે માસિક રૂપિયા ૧૦,૦૦૦/– પગારથી નોકરી

કરતા હતા. સામાવાળાની સુચના મુજબ અરજદાર તા. ૨૪/૬/૨૦૧૪ ના રોજ ભરૂચ મુકામેથી અહેમદ નગર જવા નીકળેલા. તા ૨૫/૬/૨૦૧૪ ના રોજ સવારના ૪.૦૦ વાગ્યામાં જામલપાડા પાસેથી પસાર થઈ રહયા હતા ત્યારે ટ્રક સાથે અકસ્માત થયેલો અને અકસ્માતના પરીણામે તેમનું મૃત્યુ થયેલ. જેથી તેઓએ રૂા. ૧૦,૩૩,૩૦૦/–નું વળતર મેળવવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) સદરહું કામે સામાવાળાઓને આંક : ૮ વાળી નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ હતી જે બજી ગયેલાનું જણાય છે. આ કામે આંક : ૯ થી વીમા કંપની તરફે વકિલ રોકવા પરવાનગી અરજી રજુ થયેલ જયારે આંક : ૧૦ થી વીમા કંપની તરફે વકિલાતપત્ર રજુ થયેલ હતું. વીમાં કપની દવારા તા. ૭ /૮/૨૦૧૯ ના રોજ તેમને ડિલીટ કરવા માટેની અરજી આપવામાં આવેલ હતી જે અરજી જવાબ માટે રાખવામાં આવેલ હતી. સામાવાળા વીમા કંપની દવારા તા. ૭/૮/૨૦૧૯ ના રોજ ડીલીસ્ટ પણ રજુ કરવામાં આવેલ હતું.

(૩) તા. ૭/૮/૨૦૧૯ ના રોજની વીમા કંપનીની અરજીની નકલ અરજદાર વકિલશ્રી હીનાબેન શ્રીવાસ્તવનાઓએ નકલ લીધેલ હતી અને ટાઈમ બેગ ફોર રીપ્લાય નો શેરો કરેલ હતો. વીમાં કુંપની ની અરજીમાં એવું જણાવવામાં આવેલ હતું કે અરજદારોએ આજ અકસ્માતના કેસ સંદર્ભે એમ.એ.સી.ટી. ૯૩૭ /૨૦૧૪ દાખલ કરેલ હતી અને વળતર મેળવી લીધેલ છે. વીમા કંપનીની અરજીમાં મોટર વ્હીકલ એકટની કલમ ૧૬૭ ટાંકવામાં આવેલ હતી. અત્રેની અદાલતે અભ્યાસ કરતા આ ઈસ્યુ સંપુર્ણ રીતે કાયદાનો પ્રશ્ન હોય. તા. ૭/૮/૨૦૧૯ ના રોજ જ પ્રિલીમીનરી ઈસ્યુ ફ્રેમ કરવામાં આવેલ હતા. જે ઈસ્યુની નોંધ અરજદારના વકિલશ્રીએ તથા વીમાં કંપનીના વકિલશ્રીએ તા. ૧૪/૮/૨૦૧૯ ના રોજ લીધેલ હતી. ત્યારબાદની તારીખ ૨૧/૮/૨૦૧૯ રાખવામાં આવેલ હતી.

(૪) સદરહું કામે તા. ૨૧/૮/૨૦૧૯ ના રોજ અરજદારના વકિલશ્રી હીના શ્રીવાસ્તવ દવારા કોઈ રજુઆત કરવામાં આવેલ ન હતી. અરજદાર વકિલશ્રી દવારા રજુઆત કરવા માટે મુદત માંગતી અરજી પણ રજુ કરવામાં આવેલ ન હતી. જે હકીકતમાં પ્રિલીમીનરી ઈસ્યુ પરત્વે અરજદારની રજુઆત કરવાનો હકક બંધ કરવામાં આવેલ હતો જેની નોંધ રોજકામમાં કરવામાં આવેલ છે. જયારે સામાવાળા વીમા

કંપની તરફે એમ.એ.સી.પી. કેસ નં. ૯૩૭ ઓફ ૨૦૧૪ ના એવોર્ડની ખરી નકલ રજુ કરી એમ.વી.એકટની કલમ–૧૬૭ ઘ્યાને લઈ હુકમ કરવા જણાવેલ છે.

(૫) આ કામે અત્રેના વર્કમેન કમિશ્નર દવારા તા. ૭/૮/૨૦૧૯ ના રોજ નીચે મુજબના પ્રિલીમીનરી /પ્રાથમિક મુદદાઓ કાઢવામાં આવેલ હતા.

**–::મુદદાઓ::–**

૧. શું અરજદારોએ એમએસીપી કેસ નં. ૯૩૭/૧૪ થી અરજી કરી વળતરનો હુકમ મેળવેલ હોવાના સંજોગોમાં શું હાલની અરજી મેઈન્ટેનેબલ છે ?

૧. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદદાઓ પરત્વેના મારા તારણો નીચે મુજબ છે.

**–::તારણો :–**

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

**–::કારણો :–**

(૭) **<u>મુદદા નંબર. ૧ :–</u>**

આ કામે સામાવાળા વીમાં કંપની દવારા તા. ૭/૮/૨૦૧૯ ના રોજ જે ડી–લીસ્ટ રજુ કરવામાં આવેલ હતું આ ડી–લીસ્ટ દવારા એમ.એ.સી.પી. કેસ નં. ૯૩૭ ઓફ ૨૦૧૪ના એવોર્ડની સાદી નકલ મુકવામાં આવેલ હતી. જયારે તા. ૨૮/૮/૨૦૧૯ ના રોજના ડિ–લીસ્ટ અન્વયે એમ.એ.સી.પી. કેસ નં. ૯૩૭ ઓફ ૨૦૧૪ ના એવોર્ડની ખરી નકલ રજુ કરવામાં આવેલ છે. સદરહું એવોર્ડની નકલ જોતા એ સ્પષ્ટ થાય છે કે એ કામે કલ્પનાબેન તથા અન્ય જનાઓ કે જે આ કામે પણ અરજદાર છે તેમણે રૂા. ૯,૫૯,૭૦૦/– ( નવ લાખ ઓગણસાઈઠ હાજર સાતસો પુરા ) ની રકમનો એવોર્ડ પોતાની તરફેણમાં મેળવેલ છે. એવોર્ડ જોતા એ બાબત પણ સ્પષ્ટ થાય છે કે અરજદારોએ એમ.એ.સી.પી. કેસ તા. ૨૪/૯/૨૦૧૪ ના રોજ દાખલ કરાવેલ હતો. અત્રે એ બાબતની નોંઘ લેવામાં આવેલ છે કે હાલનો વર્કમેન કોમ્પનશેશન કેસ તા. ૨૦/૧૨/૨૦૧૪ ના રોજ દાખલ થયેલ હતો. જે હકીકતમાં અરજદારે પ્રથમ એમ.એ.સી.પી દાખલ કરેલાનું તરી આવે છે અને આ રીતે અરજદારોએ વળતર મેળવવા માટે પ્રથમ ઓપ્શન

તરીકે એમ.એ.સી.ટી.નું ફોરમ પસંદ કરેલ હતું. મોટર વ્હીકલ એકટ ૧૯૮૯ની કલમ ૧૬૭ માં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

**<u>મોટર વ્હીકલ એકટની કલમ—૧૬૭ :—</u>**

કેટલાક કિસ્સાઓમાં વળતર માટેના દાવા માટે વિકલ્પ : (૧૯૩૯ ના અધિનિયમની કલમ—૧૧૦ (એ)

કામદાર વળતર અધિનિયમ,૧૯૨૩ માં ગમે તે મજકુર હોય તે છતાં કોઈ વ્યકિતનું મૃત્યુ થવાથી અથવા તેને શારીરિક ઈજા થવાથી આ અધિનિયમ હેઠળ અને કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ હેઠળ વળતર માટેનો દાવો ઉપસ્થિત થાય ત્યારે વળતર માટે હકકદાર વ્યકિત બન્ને અધિનિયમો હેઠળ પણ બેમાંથી કોઈ એક અધિનિયમ હેઠળ અથવા પ્રકરણ ૧૦ની જોગવાઈઓને બાધ આવ્યા સિવાય વળતર માટે દાવો કરી શકશે.

ઉપર મુજબની જોગવાઈ જોતા એ સ્પષ્ટ થાય છે કે અહીં વળતર ચુકવનાર વ્યકિત અંગે કોઈ ફોડ પાડવામાં આવેલ નથી માત્ર અને માત્ર વળતર મેળવનાર ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે કે તે બે પૈકી કોઈપણ કાયદા અન્વયે દાવો કરી શકશે પરતું બન્ને કાયદા અન્વયે દાવો કરવા અંગે પ્રતિબધ મુકવામાં આવેલ છે. અત્રેની અદાલતના નમ્ર મત મુજબ જયારે કોઈ વ્યકિતને બે કાયદા પૈકી કોઈપણ એક કાયદા હેઠળ વળતર મેળવવા માટેની પસંદગીનો વિકલ્પ આપવામાં આવેલ હોય ત્યારે તે વ્યકિત પ્રથમ કોઈ વિકલ્પ પસંદ કર્યા પછી અન્ય વિકલ્પ અન્વયે વળતર મેળવવાની માંગણી કરી શકે નહી. કારણ કે અહીં ડોકટ્રેઈન ઓફ ઈલેકશન એટલે કે પસંદગીનો સિંધ્ધાત લાગુ પડે છે. પસંદગીનો સિંધ્ધાત એટલે કે ડોકટ્રેઈન ઓફ ઈલેકશન એ એક રીતે રૂલ ઓફ એસ્ટોપલ એટલે કે પ્રતિરોધના નિયમની એક શાખા જ છે. અત્રે પણ ગુજરનારના વારસદારોએ વળતર મેળવવા માટે મોટર વ્હીકલ એકટ હેઠળ દાવો કરવાનો વિકલ્પ પસંદ કરી વળતર મેળવી લીધેલ છે.જેથી અત્રેની અદાલતના મત મુજબ હવે વર્કમેન કોમ્પનશેશન એકટ અન્વયે વળતર મેળવવા માટે અરજદારો હકદાર થતા નથી. અત્રેની કોર્ટને નામદાર ઓરીસ્સા હાઈકોર્ટ દવારા આપવામાં આવેલ તનુલતા પ્રધાન તે ગુજરનાર ચારણ પ્રધાન વિરૂધ્ધ મહેન્દ્ર પ્રસાદ તથા બીજાઓ ના કેસમાં **F.A.O. NO.457 OF 2008** ના કામે તારીખ ૨૩/૦૮/૨૦૧૩ ના રોજ આપેલ ચુકાદો હાલમા જ ધ્યાનમાં આવેલ છે. જેમાં નામદાર ઓરીસ્સા હાઈકોર્ટે આપેલ ચુકાદામાં એ મુદદો નકકી કરવામાં આવેલ છે કે મોટર વ્હીકલ એકટની કલમ ૧૬૭ જોતા શું અકસ્માત મૃત્યુના સંદર્ભમાં મોટર વ્હીકલ એકટ અન્વયે વળતર મેળવી લીધા બાદ ગુજરનાર કામદારના

વારસો માલિક પાસેથી વર્કમેન કોમ્પનશેશન એકટ અન્વયે વળતર મેળવવા હકદાર છે ? આ મુદદે જજમેન્ટમાં જે ચર્ચા કરવામાં આવેલ છે તે દર્શાવવા માટે સદરહું જજમેન્ટના ખપ પુરતા પેરેગ્રાફ અહીં ટાંકવામાં આવેલ છે.

7. To deal with the above question, it is necessary to refer to Section 167 of the M.V. Act, 1988, which reads as follows:-

"**167. Option regarding claims for compensation in certain cases –** Notwithstanding anything contained in the Workmen's Compensation Act, 1923 where the death of, or bodily injury to any person gives rise to a claim for compensation under this Act and also under the Workmen's Compensation Act, 1923 the person entitled to compensation may without prejudice to the provisions of Chapter X claim such compensation under either of those Acts but not under both."

8. A plain reading of Section 167 extracted above makes it clear that where a death or bodily injury to any person gives rise to claim under the M.V. Act, 1988 as well as W.C. Act, 1923, the said person is entitled to compensation under either of the Acts but not under both. Contention of the appellants that they have claimed compensation from the tort-feasor under the M.V. Act wherein the owner under whom the deceased was working and his insurer were not party does not merit consideration. The expression "claim such compensation under either of those Acts but not under both" has no reference to the person against whom a claim has to be made.

Therefore, irrespective of the fact that the person against whom a claim can be entertained under the M.V. Act is different from the person gainst whom a claim can be made under the W.C. Act, the bar of Section 167 of the M.V. Act will apply. The rationale behind Section 167 of the M.V. Act is that once the death or bodily injury to any person gives rise to a cause of action for claiming damages in favour of the person he Cannot be compensated twice for the self same cause.

9. At this juncture, it is necessary to refer to some of the judicial pronouncements of the Hon'ble Supreme Court and High Courts.

The Hon'ble Supreme Court in the case of ***Sanjeev Kumar Samrat*** *(supra)* held as under:-

"21. At this stage, we may usefully refer to Section 167 of the Act which reads as follows:

**167. Option regarding claims for compensation in certain cases –** Notwithstanding anything contained in the Workmen's Compensation Act, 1923 where the death of, or bodily injury to any person gives rise to a claim for compensation under this Act and also under the Workmen's Compensation

Act, 1923 the person entitled to compensation may without prejudice to the provisions of Chapter X claim such compensation under either of those Acts but not under both. From the aforesaid provision, it is quite vivid that where a death or bodily injury to any person gives rise to a claim under the Act as well as under the 1923 Act, the said person is entitled to compensation under either of the Acts, but not under both."

ઉપરોકત પેરેગ્રાફમાં ટાંકવામાં આવેલ સુપ્રિમ કોર્ટનાં જજમેન્ટનું સાઈટેશન લખેલ ન હોય ઓળખ કરવા સારૂ તથા જજમેન્ટ સર્ચ કરવા માટે તેનો સીવીલ અપીલ નંબર ૮૯૨૫ / ૨૦૧૨ અને તારીખ ૧૧ મી ડીસેમ્બર ૨૦૧૨ લખવામાં આવેલ છે. વધુમાં, અત્રેની અદાલતને નામદાર સુપ્રિમ કોર્ટ દવારા ઓરીએન્ટલ ઈન્સ્યુરન્સ કંપની લી. વિરૂઘ્ઘ દયમવ્વાના કેસમાં સીવીલ અપીલ નંબર ૯૩૭/ ૨૦૧૩ ના કામે તારીખ ૫ ફેબ્રુઆરી ૨૦૧૩ ના રોજ આપેલ ચુકાદો ઘ્યાનમાં આવેલ છે, જેમાં નામદાર સુપ્રીમ કોર્ટની ડીવીઝન બેન્ચે રીસ્પોડન્ટને ફર્સ્ટ ઓપ્શનનાં આધારે વળતર ચુકવવાનું જણાવેલ છે અને સાથો સાથ એમ પણ જણાવેલ છે કે, રીસ્પોડન્ટ બન્ને કાયદાઓ અન્વયે બે વખત લાભ મેળવી શકે નહી. વધુમાં જોવામાં આવે તો, અત્રેની કોર્ટને નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા ફર્સ્ટ અપીલ નં. ૧૧૩૩/૨૦૧૬ ના કામે આપવામાં આવેલ ચુકાદો ઘ્યાને છે જેમાં નામદાર હાઈકોર્ટ દવારા ચુકાદાના પેરા નં. ૬ માં નીચે મુજબનો ઈસ્યુ ફ્રેમ કરવામાં આવેલ હતો.

6. At the time of admitting this appeal, the appeal came to be admitted for consideration of following substantial question of law:

"When the respondents-claimants have already received compensation under the provisions of the Motor Vehicles Act, can they maintain their claim under the provisions of the Workmen Compensation Act for the same accident, though the respondents are different? "

ઉપર મુજબનો ઈસ્યુ ફ્રેમ કર્યા બાદ નામદાર ગુજરાત હાઈકોર્ટનાઓએ પેરા નં. ૧૫ માં નીચે મુજબનું તારણ કાઢેલ છે.

> 15. In view of aforesaid directions laid down by the Hon'ble Apex Court as well as provision of Section 167 of the Motor Vehicles Act, it is very clear that the claimants have elected the option as envisaged under Section 167 of the Motor Vehicles Act, 1988 and availed compensation as provided therein and thereby they are not entitled to maintain another claim seeking aid and advantage of the provisions of the Workmen Compensation Act, 1923. Consequently, therefore, the judgment and award passed by the learned Commissioner

for Workmen Compensation, Junagadh, is not sustainable at law and required to be quashed and set aside.

આમ, ઉપરોકત ચુકાદો ઘ્યાનમાં લેતા કાયદાનો મુદદો સ્પષ્ટ રીતે નિર્ણિત થયેલ છે. અત્રેના કિસ્સામાં પણ અરજદારોએ પ્રથમ ઓપ્શન તરીકે એમ.એ.સી.ટીનું ફોરમ પસંદ કરી એમ.એ.સી.પી. કેસ નં–૯૩૭/૨૦૧૪ ના કામે વળતર મેળવી લીધેલ છે. જેથી હાલની અરજી કે જે એજ અકસ્માત સાથે સંબંધિત છે તે દાખલ કરેલ હોઈ, હાલના અરજદારોનો કલેઈમ મેઈન્ટેનેબલ થતો ન હોઈ મુદદા નંબર : ૧ નો જવાબ નકારમાં આપી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–::હુકમ::–</u>**

અરજદારોની હાલની અરજી મોટર વ્હીકલ એકટની કલમ–૧૬૭ લક્ષમાં મેઈન્ટેનેબલ ના હોય સદરહુ અરજી રદ કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

**વડોદરા**
**તા. ૦૪/૦૯/૨૦૧૯**

**(કલ્પેશ કેદારનાથ ત્રિવેદી )**
**જજ કોડ નંબર.જીજે.૦૦૭૬૮**
**એકસ ઓફીશીયો કમિશ્નર ફોર વર્કમેન**
**કોમ્પેન્સેશન એકટ એન્ડ જજ**
**લેબર કોર્ટ, વડોદરા.**